પ્રજા વર્તમાન
પ્રજા વર્તમાન

# અમેરીકામાં સંતરામ ભક્ત સમાજ દ્વારા સત્સંગની ઉજવણી

તાજેતરમાં અમેરિકાના ન્યુજર્સી રાજ્યમાં શ્રી સંતરામ ભક્ત સમાજ યુ.એસ.એ. આયોજિત મહાપૂર્ણિમા નિમિત્તે સંતરામ સત્સંગ નં. ૪૩ નું ભવ્ય આયોજન હાથધરવામાં આવ્યું હતું. આ અંગેની મનહીતી પીઢ પત્રકાર ભૂપેન્દ્રભાઇ પટેલે આપતા જણાવ્યું હતું કે, નડીઆદથી શ્રી સંતરામ મંદિરના મહંત પ.પૂ. શ્રી રામદાસજી મહારાજશ્રીના શુભાષિર્વાદ સહ સંતરામ સત્સંગની શુભ શરૂઆત થઇ હતી.

**Essex College** ના વિશાળ હોલમાં બપોરના ૧૨:૪૫ કલાકે નડીઆદથી ટેલીફોન દ્વારા પ.પૂ. શ્રી રામદાસજી મહારાજના સ્વર સાનિધ્યમાં કસ્તુરી તિલકમ શ્લોક દ્વારા શરૂઆત બાદ શુભાષિશ બાદ સત્સંગની શરૂઆત થઇ હતી, અને હોલની અંદર મોટી સાઇઝના પ્રોજેક્ટર સ્કીન ઉપર બ્રહ્મલીન શ્રી નારાયણદાસજી મહારાજનાં સાનિધ્યમાં તૈયાર થયેલ અને સેવા સમર્પિત દિક્ષિત સંત શ્રી નિર્ગુણદાસજી, પૂ. હરિદાસજી અને પૂ. સત્યદાસજી મહારાજશ્રીના મધુર સ્વર અને સંગીતના માધ્યમ વડે તૈયાર થયેલ **D.V.D.** સાથે સુંદરકાંડ પાઠ સંપન્ન બન્યો. સુંદરકંડ પાઠના સમયે, સર્વે ઉપસ્થિત ભક્તો ૧૦૦૦૦ માઇલ દુર સંતરામ મંદિરના ચોકમાં નડીઆદની પાવનભૂમિમાં બેઠેલા હોય તેવી અનુભૂતી થઇ રહી હતી.

દર સત્સંગની માફક રાજ અને સ્મૃતિ પંડ્યા, પરિવાર દ્વારા ભક્તિ સંગીત, સંતરામ પદોની લ્હાણી પીરસાવ્યા બાદ, નડીઆદથી આવેલ પ.પૂ. શ્રી રામદાસજી મહારાજના સ્વહસ્તે લખાયેલા શુભાર્શિવાદ સંદેશાનું વાચન સંતરામ ભક્ત સમાજનં સેવકે ઉપસ્થિત સર્વે ભક્તો સમક્ષ કર્યું હતું. ફિલાડેલ્ફિયા વિસ્તારમાંથી બે બસ ભરીને મોટી ઉંમરના સીનીયરોની ઉપસ્થિતી સાથે વોશિંગ્ટન ડી.સી. ન્યુયોર્ક, વર્જીનીયા, ટેકસાસ, શિકાગો વિગેરે દૂરદૂરનાં રાજ્યોમાંથી પણ સંતરામ ભક્તો સત્સંગમાં પધારી સંતરામ મહારાજની કૃપાપ્રસાદી મેળવીને સંતોષ માન્યો હતો.

અમેરીકાના વર્જીનીયા રાજ્યમાં શ્રીમતી પંકજબેન અને શંકરભાઇ કે પટેલના આર્થીક સહયોગ અને સૌજન્યથી યોગીરાજ શ્રી સંતરામ મહારાજનો શતામૃત મહોત્સવ વિશેષાંક ગ્રંથ-પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. આ આધ્યાત્મીક ગ્રંથમાં શ્રી સંતરામ મહારાજના મહિમાની ઝાંખી, પૂ. શ્રી મોરારીબાપુની રામાયણ કથાનો સાર, શતામૃત મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલા ધર્મ, આધ્યાત્મ, સંસ્કૃતિ, કથા, યજ્ઞના કાર્યક્રમોની ઝાંખી, ફોટોગ્રાફ્સ દ્વારા ખર્શાવવામાં આવેલ છે.

બ્રહ્મલીન શ્રી નારાયણદાસજી મહારાજના પત્રો એમને સ્પર્શી ગયેલા સંતોના દ્રષ્ટાંત, વચનો અને વૃતાંત પણ આ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવેલ છે. બ્રહ્મલીન શ્રી નારાયણદાસજી મહારાજની સન્યાસ દીક્ષા ભાવિકોને પ્રેરણા, એમનો સેવાભાવ, એમના બ્રહ્મલીન થવાનાં, સમાધિસ્ત થવાનાં, એમનાં પ્રત્યે ભાવાંજલી વ્યક્ત કરતા સંદેશાઓનો એ ગ્રંથમાં સમાવેશ કરેલ છે. ૩૦૦ થી વધુ પાનાનો પાકાપૂઠાનો આ ગ્રંથશ્રી સંતરામ સ્મૃતિ માટે યાદગાર બન્યો છે.

આ ગ્રંથનું વિમોચન ૧૫૦૦ થી વધુ ભક્તોની હાજરીમાં વર્જીનીયા રાજ્યમાં પધારેલ શ્રીમંતી પંકજબેન અને શંકરભાઇ કે. પટેલની ઉપસ્થિતીમાં સંતરામ ભક્ત સમાજ -યુ.એસ.એ.ના મુ. ડૉ. ચંદ્રકાન્તભાઇ સી. દેસાઇ (ડૉ. સી. સી.) અને મુ. દિનુભાઇ એ. દેસાઇ બંને મહાનુભાવોના વરદ હસ્તે સ્ટેજ ઉપરથી વિમોચન વિધિ સંપન્ન બની હતી. વિમોચન વિધિ બાદ, ઉપસ્થિત ભક્તોને પરિવાર દીઠ એક-એક નંગ વિના મુલ્યે સંતરામ પ્રસાદીરૂપે આપવામાં આવેલ છે.

શ્રી સંતરામ મંદિર, નડીઆદના નિજવૃંદ અને સંતવૃંદના અદના સેવક મુ. શ્રી જયંતિભાઇ ગો. જોશીના અથાગ પ્રયત્નાર્થે ખૂબ જ ટુંકા ગાળામાં તૈયાર થયેલ આ ગ્રંથઅમેરીકામાં શ્રી સંતરામ ભક્તો સમક્ષ મહાપૂર્ણીમા સત્સંગનાં પર્વ નિમિત્તે આયોજીત સત્સંગમાં ઉપલબ્ધ બન્યો હતો. નડીઆદના પ્રસિધ્ધ સંગીતકાર અભિલાષ મહેતા દ્વારા અને હરિ કેસેટ દ્વારા તૈયાર બનાવાયેલ સાખી સંકીર્તનની ઓડીયો સીડી પ્રસાદી રૂપે ઉપસ્થિત ભક્તોને આપવામાં આવેલ છે.

જનસેવા એજ પ્રભુસેવાના સૂત્રને સાર્થક કરતાં શ્રી સંતરામ ભક્ત સમાજ યુ.એસ.એ. દ્વારા નડીઆદનાં શ્રી સંતરામ મંદિરના મહંત પૂ. શ્રી રામદાસજી મહારાજશ્રીની આજ્ઞાનુસાર, કોઇપણ પ્રકારનું ભંડોળ ઉઘરાવ્યા સિવાય માનવંતાના અનેક કાર્યો હાથધરવામાં આવે છે. અવારનવાર મફત દંડ ચકાસણી કેમ્પ, નેત્ર ચકાસણી કેમ્પ અને ફ્લુ પ્રતિકારક રસી માટેનાં કેમ્પનું આયોજન હાથધરાય છે. સત્સંગ હોલમાં ભાડાનો ખર્ચ, મહાપ્રસાદનો ખર્ચ, નિયંત્રણ પત્રિકા છપામણી ખર્ચ, ટપાલ ખર્ચ વિગેરેની વ્યવસ્થા કોઇપણ પ્રકારના ઉઘરાણું કર્યા સિવાય સ્વેચ્છાએ ભક્તો ઉપાડી લે છે.

બ્રહ્મલીન શ્રી નારાયણદાસજી મહારાજશ્રીની આજ્ઞાનુસાર શ્રી સંતરામ ભક્ત સમાજ યુ.એસ.એ. ની સ્થાપ્ના થી જ બેંક એકાઉન્ટ અમેરીકામાં ખોલાવેલ નથી. અને દરેક સેવાના ખર્ચની ચૂકવણી સીધેસીધી જ કરવામાં આવતી હોય છે. હવે પછીનો ગુરુપૂર્ણિમા સત્સંગ જુલાઇ ૨૯, ૨૦૦૭ ના રોજ ન્યુજર્સીમાં રાખેલ છે, અને વધુ માહિતી માટે **WWW.SANTRAM.ORG** વેબસાઇટ ઉપરથી પ્રાપ્ત થઇ